વિકસતી જાતિના સરકારી છાત્રાલયોમાં
અભ્યાસક્રમવાર નક્કી થયેલ પ્રવેશ
ધોરણો અને પ્રવેશના નિયમો

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંકઃ સશપ/૧૦૨૦૨૦/૪૧૪/અ.૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૧૧/૦૧/૨૦૨૧

વંચાણે લીધાઃ-

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૩/૦૯/૨૦૨૦નો ઠરાવ ક્રમાંક: સશપ/૧૦૨૦૨૦/૪૧૪/અ.૧

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૯/૦૮/૨૦૨૦નો ઠરાવ ક્રમાંક: સમછ/૧૦૨૦૧૯/૪૧૬/ક

(૩) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૨૮/૦૯/૨૦૨૦નો પત્ર ક્રમાંક: વિજાક/સ.છા./પ્રવેશ/૨૦૨૦-૨૧/૧૨૦૧

(૪) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૦૮/૧૦/૨૦૨૦નો પત્ર ક્રમાંક: વિજાક/સ.છા./પ્રવેશ/૨૦૨૦-૨૧/ ૧૨૪૧

આમુખ:-

વંચાણે લીધા ક્રમાંક (૧) પરના ઠરાવથી વિકસતી જાતિ કલ્યાણ ખાતા હસ્તકના સરકારી છાત્રાલયોમાં પ્રવેશની ટકાવારી તથા નવા નિયમો નક્કી કરવામાં આવેલ છે. વંચાણે લીધા ક્રમાંક (૨) પરના ઠરાવથી સમરસ છાત્રાલયમાં પ્રવેશના નિયમો અને ટકાવારીમાં ફેરફાર અંગે ઠરાવ કરવામાં આવેલ છે. જેના પત્રકના ક્રમ (૪) (૧) માં " સમરસ છાત્રાલયમાં નવો પ્રવેશ મેળવનાર છાત્રો કે પ્રવેશ મેળવેલ જુના છાત્રોની સમરસ છાત્રાલયોમાં લાભ મેળવવાની મહત્તમ વયમર્યાદા ૨૫ વર્ષ રહેશે. ૨૫ વર્ષ બાદ નવા કે જુના કોઇ પણ છાત્રો પ્રવેશ માટે અરજી કરી શકશે નહીં. " તેમ ઠરાવેલ છે. આથી વિકસતી જાતિ કલ્યાણ ખાતા હસ્તકના સરકારી છાત્રાલયોમાં પ્રવેશની ટકાવારી તથા નવા નિયમો નક્કી કરવા અંગેના વંચાણે લીધા ક્રમાંક (૧) પરના ઠરાવમાં " સરકારી છાત્રાલયોમાં નવા અને જુના

| | | | |
|---|---|---|---|
| | | અભ્યાસક્રમ, એન.આઈ.ડી., એન.આઈ.એફ.ટી. જેવા યુનિવર્સિટી માન્ય અન્ય સમકક્ષ અભ્યાસક્રમ | |
| ૨ | બી | અનુસ્નાતક તથા સ્નાતક કક્ષા પછીના ઉચ્ચ કક્ષાના અભ્યાસક્રમો<br>એમ.એ, એમ.કોમ, એમ.એસ.સી, બી.એડ, એમ.એડ, બી.પી.એડ, એમ.પી.એડ, બી.લીબ, એમ.લીબ, એમ.એસ.ડબલ્યુ, એમ.ફીલ, એલ.એલ.બી, એલ.એલ.એમ, જર્નાલિઝમ(માસ્ટર), એમ.બી.એ., એમ.સી.એ., પી.જી.ડી.સી.એ., પી.જી.ડી.સી.એમ., પી.એચ.ડી., એમ.એલ.ડબલ્યુ., એમ.આર.એસ., સી.એસ., સી.એ., એમ.એલ.ટી. જેવા યુનિવર્સિટી માન્ય અન્ય સમકક્ષ અભ્યાસક્રમ | ૩0% |
| ૩ | સી | સ્નાતક કક્ષાના અભ્યાસક્રમ<br>બી.એ, બી.કોમ, બી.એસ.સી, બી.બી.એ, બી.સી.એ, બી.આર.એસ., બી.એસ.ડબલ્યુ., બી.જે.એમ.સી., બી.એસ.સી.(નર્સિંગ), બી.એલ.ટી. જેવા યુનિવર્સિટી માન્ય અન્ય સમકક્ષ અભ્યાસક્રમ | ૩૫% |
| ૪ | ડી | અન્ય કક્ષાના અભ્યાસક્રમો<br>એસ.આઈ., એ.ટી.ડી, પી.ટી.સી, સી.પી.એડ, એ.એન.એમ., જી.એન.એમ., ફાઈન આર્ટ્સ જેવા યુનિવર્સિટી માન્ય અન્ય સમકક્ષ અભ્યાસક્રમ | ૧૫% |
| | | કુલ | ૧૦૦% |

વંચાણે લીધા ક્રમાંક (૧) પરના ઠરાવની અન્ય શરતો યથાવત રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ની તા.૦૫/૦૧/૨૦૨૧ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

યુ.કે.પાઠક

(યુ. કે. પાઠક)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

(૧) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

<u>નકલ રવાના:-</u>

(૧) માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

(૨) માન.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.

(૩) અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા.)ના અંગત મદદનીશ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૪) એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.

(૫) સર્વે જિલ્લા નાયબ નિયામકશ્રી/સમાજ કલ્યાણ અધિકારીશ્રી, (નિયામકશ્રી, વિ.જા.ક. મારફત)

(૬) સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ

(૭) સિલેકટ ફાઇલ